ॐ

શ્રી કક્કાક્ષરી

(સંત શ્રી પ્રણવરામ આશ્રમ)

કડોલ

ગુરૂપૂર્ણિમા
અષાઢ સુદ-૧૫
સં. ૨૦૩૧

મૂલ્ય : અમૂલ્ય
આવૃત્તિ બીજી
પ્રત-૧૦૦૦

બ્રહ્મલીન મહાત્મા સંતશ્રી
પ્રણવરામ મહારાજ



જન્મ
અષાડ વદી ૧૨
શુક્રવાર
સંવત ૧૯૬૨
તા. ૨૮-૭-૧૯૦૫

નિર્વાણ
સં. ૨૦૨૬
ફાગણ સુદ ૭
શનિવાર
તા. ૧૪-૩-૧૯૭૦

ॐ

ॐ શ્રી સદ્ગુરૂદેવકી જય.
ॐ શ્રી ગુપ્તાનંદ મહારાજકી જય
ॐ શ્રી નિત્યાનંદ મહાપ્રભુ દેવકી જય

ॐ શ્રી કક્કાક્ષરી.

અથ શ્રી કક્કાક્ષરી દોહા.

કક્કા કેવલ આતમા, શિવ કલ્યાણસ્વરૂપ.
નામ રૂપકી ગમ નહીં ઐસા રૂપ અનુપ. ૧

'ક' થી 'જ્ઞ' પર્યંત વર્ણાક્ષરો કેવળ અક્ષરજ્ઞાન પૂરતા જ નથી, પણ દેહમાં ભિન્ન ભિન્ન સ્થાને રહેલાં 'ષડ્ચક્રાદિ'ઓ એવી

વર્ણમાળા ગોઠવાયલી છે, જેને યોગીપુરૂષો પ્રત્યક્ષ નિહાળી શકે છે તેમજ આત્મસાક્ષાત્કાર કરી શકે છે.

શ્રીગુરૂદેવ 'ક' વર્ણથી આત્માનું કેવળત્વ દર્શાવે છે; તથા તે કલ્યાણમય અને શિવ-સ્વરૂપ છે તેવો બોધ આપે છે; વળી આત્મા એવો અનુપમ છે કે તેને 'નામરૂપ'ની ઉપાધિ સ્પર્શ કરતી નથી.

અન્યના બોજો જાસકું, બો નિજ વિષયવિકાર,
સદ્‌ગુરૂચરણે જાઈએ, તજ હોયે નિસ્તાર. ૨

આત્મસાક્ષાત્કાર કરવાની ઇચ્છાવાળા-ઓએ પોતાનામાં રહેલા વિષયવિકારોથી પ્રથમ મુક્ત થવું જોઇએ. અને ત્યાર પછી શ્રી સદ્‌ગુરૂના શરણમાં જાય, તો જ તેનો માર્ગ સૂઝે છે.

ગગ્ગા ગુણ જમે નહીં, નિર્ગુણ ગુણાતીત,
એસો નિત્યાનંદ નિજ, લખેા હોય તબ જીત. ૩

આત્મા ગુણેાથી અલગ, નિર્ગુણ અને ગુણાતીત તેમજ નિત્યાનંદ સ્વરૂપ છે; એવું દૃઢ જ્ઞાન થાય ત્યારે જ પૂર્ણતા મેળવી શકાય છે.

ઘઘ્ઘા ઘન નિર્મલ સદા, નિત સુખ આતમ રામ,
અચલ સનાતન માનીયે, ભજે તાહી નિષ્કામ. ૪

આત્માને નિર્મળ આકાશ સમાન, નિત્ય. સુખરૂપ. અચળ અને સનાતન માનવેા; અને તેને જ શિવરૂપ જાણીને નિષ્કામ ભજવેા.

ઙઙા વિલંબ ન કીજીયે, સદ્‌ગુરૂ ખેાજ જાય,
કરેા વચન વિશ્વાસ તબ, ગુપ્ત આતમા પાય. ૫

વિના વિલંબે સદ્‌ગુરૂની શેાધ કરીને, તેમના ચરણમાં રહીને, તેમના વચન ઉપર

સંપૂર્ણ વિશ્વાસ રાખશો, તો જ આત્માનું ગુપ્તસ્વરૂપ સમજાશે.

ચચ્ચા ચારૂ જ્ઞાન કે, કહે ગુરૂ સાધન આઠ,
સાધન જે સાધે પ્રિયે, છુટે હંમેશાં ઠાઠ. ૬

શ્રીસદ્‌ગુરૂ સમજાવે છે કે આત્મજ્ઞાન મેળવવાનાં આઠ સુંદર સાધનો છે; તે સાધનો મેળવીને સતત્ પ્રયત્ન કરે તે મનુષ્ય માયાના મોહમાંથી મુક્ત થાય છે.

છછછા છે ચવ આઠ દશ, કહે નિજ અતિ પુકાર,
જીવ સદા શિવરૂપ હૈ, યહી હમારા સાર. ૭

ચાર વેદ, ષડ્‌દર્શન, અષ્ટાંગયોગ, શાસ્ત્ર અને અષ્ટાદશ પુરાણ–બધાં પૂકારી પૂકારીને કહે છે કે જીવ સદાય શિવસ્વરૂપ જ છે; અને એ જ અમારા બધાંના કહેવાનો સારાંશ છે.

જજ્જ જગમગ જુપ રહી, જ્યોતિ આતમરામ,
પંચકોષ વપુ તીનકો, નહીં જાસમેં કામ. ૮

આત્માની જ્યોતિ હૃદયમાં ઝગમગ્યા કરે છે. આત્માને પંચકોષ (અન્નમય, પ્રાણમય, જ્ઞાનમય, વિજ્ઞાનમય અને આનંદમય) અને ત્રણ પ્રકારનાં (સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ) શરીર સાથે કાંઈ પણ સંબંધ નથી.

ઝઝા ઝાંખી શ્યામકી, દેખો અતિ અનુપ,
દૂજા હુઆ ન હોય અબ, કહેા દઉ કોનકી ઉપ. ૯

પ્રભુની ઝાંખી કરશો તો અનુપમ આનંદમય સ્વરૂપનું દર્શન થશે. પ્રભુ સમાન કોઈ થયું નથી, અને થવાનું પણ નથી; (અદ્વિતીય છે) તો પછી તેમને કોની ઉપમા આપવી!

ઝઝા ન્યારા મત ભને, અંતર બાહીર એક,
સોહી સચ્ચિદાનંદ હૈ, દિવ્ય દૃષ્ટિકર દેખ. ૧૦

આત્મા અને પરમાત્મા ભિન્ન નથી. અંતરમાં તેમજ બહાર (સર્વત્ર) એક જ છે. અને દિવ્ય દૃષ્ટિથી જોશો તો તે પોતે જ સચ્ચિદાનંદસ્વરૂપ દેખાશે.

ટટ્ટા ટાળે તબ ટળે, ચોરાસીકા ફેર,
બ્રહ્મ આતમા એક હૈ, લખો ન કીજે દેર. ૧૧

ચોરાસી લક્ષ યોનિનું ભ્રમણ ટાળવાનો પ્રયત્ન કરવાથી ભ્રમણ ટળે છે. બ્રહ્મ અને આત્મા એક જ છે, એમ નિઃસંદેહ જાણો.

ઠઠ્ઠા ઠાકુરજી બસે, કાયા મંદીર માંય,
તામેં મનકો જોડીયે, કયો શઠ ઇત ઉત ધાય. ૧૨

દેહમંદિરમાં આત્મદેવ વસે છે, તેમની

સાથે જ મનને જોડવું જોઇએ. મન ચંચળ હોવાથી તેને આમતેમ ભટકવા દેવું નહિ.

ડહા ડાકી ઢોંગ સબ, જાન કરો ચિત્ત દૂર,
અર્ધ ઉર્ધ દશહુ દિશા, નિત્યાનંદ ભરપૂર. ૧૩

દુનિયાદારીનાં કામોને માયાના પ્રપંચરૂપ જાણીને મનને તેમાં પરોવવું નહિ, પણ દશે દિશામાં નિત્યાનંદ પ્રભુ જ રમણ કરી રહ્યો છે એમ માનવું.

ઢહા ઢોંગી પુરુષ કેા, સંગ ન કીજે અંગ,
બહુત ગઈ થોડી રહી, અબ કુછ કર સત્સંગ. ૧૪

ઢોંગી પુરુષોનેા કદી સંગ કરવેા નહિ. ઉમર ઘણી વીતી ગઇ છે, માટે થોડેા ઘણેા સત્સંગ કરી લેવેા જોઇએ.

ણુણુા નારાયણુ સદા, સોહમ્ પરમ પ્રકાશ,
સંતન સત્સંગ કીજીએ, તબહી હોય આભાસ. ૧૫

'સોહમ્' (આત્મા જ પ્રભુ છે) સ્વરૂપે નારાયણ હંમેશાં પરમ પ્રકાશ આપી રહ્યા છે, અને તેમની ઝાંખી સદા સત્સંગ કરવાથી જ થાય છે.

તત્તા તાલા લગ રહા, કુંચી ગુરુ કે હાથ,
સત સુખ શ્રીગુરુસે મિલે, માર અસતકો લાત. ૧૬

દેહરૂપ નગરના ઇંદ્રિયોરૂપી દરવાજાને તાળાં (બંધન) લાગેલાં છે, અને તેથી કુંચી (આત્મજ્ઞાનનો ઉપાય) શ્રી સદ્ગુરુના હાથમાં રહે છે. તેમની કૃપાથી જ પરમાત્માનું સત્ય સ્વરૂપ સમજાય છે, અને સુખ તથા કલ્યાણની પ્રાપ્તિ થાય છે; માટે અસત્યથી હંમેશાં દૂર રહેવું.

થ્થા થારો હૈ નહિ, પંચકોષ વપુ જાણુ,
તામે નિજ પદ ચીનીયે, તબી હોય કલ્યાણ. ૧૭

પંચકોષવાળા દેહ સાથે તારે (જીવને) કાંઇ સંબંધ નથી; માટે તેનું અધિષ્ઠાન આત્મા કયાં છે, અને શું છે, તે જાણુવાથી જ કલ્યાણ થશે.

દ્દા દાહુ શત્રુ સકલ, હો અતિશય હુશિયાર,
તામે વિલંબ ન કીજીએ, કામ ક્રોધ રિપુ જાર. ૧૮

સચેત થઇને વિના વિલંબે કામ ક્રોધાદિ શત્રુઓને બાળીને ભસ્મ કરવા જોઇએ.

ધ્ધા ધન્ય ઉસ પુરુષકો, કરતા નિર્ભય રાજ,
રાજ કરે ભયસે મરે, ઉનકા સર્યા ન કાજ. ૧૯

જે પુરુષ નિર્ભય થઇને આત્માનું

સામ્રાજ્ય ભોગવે છે, તેને ખરેખર ધન્યવાદ છે. શારીરિક સુખોમાં મગ્ન રહેવા છતાં સતત્ ભયાક્રાન્ત રહે છે, તેમનાથી કાંઇ કાર્ય સાધી શકાતું નથી.

નન્ના નાના મત કરે, જાય સમય અણમોલ.
નરનારાયણરૂપ તું, દેખ દ્રષ્ટિકો ખોલ. ૨૦

અનેક પ્રકારના કુતર્કોમાં અમૂલ્ય સમય વીત્યો જાય છે, પણ આંખ ઉઘાડીને જોનારને (દિવ્યચક્ષુને) દેખાશે કે તે પોતે જ નરનારાયણસ્વરૂપ છે.

પપ્પા પલભરમેં નસે. બહુરી તોર અજ્ઞાન,
જ્ઞાનભાનુ ઘટમેં ઉદય, હોય તુરત તું જાન. ૨૧

જ્ઞાનનો સૂર્ય અંતરમાં ઉદય પામે છે કે તરત જ એક ક્ષણમાં અનેક પ્રકારના અજ્ઞાનનો નાશ થઇ જાય છે.

ફેરફેરા ફિર ફિર દેખીયે, ફિર નિત્ય પ્રતિ આનંદ,
સ્વેચ્છાસેં જગમેં ચરો, હોય સદા નિર્દ્વંદ. ૨૨

ફરી ધરીને જોશો તો જણાશે કે આત્માનો આનંદ જ શાશ્વત્ છે. માટે સદાએ અભેદ દૃષ્ટિથી જ સૃષ્ટિમાં વિચરવું.

અબ્બા બ્રહ્માનંદકા, ભોગો સંત ભોગ,
પુન્ય પુંજ અબકે મીલ્યો, નબહી ભયો સંયોગ ૨૩

આ જન્મમાં પૂર્વજન્મના પુણ્યોના સંગથી આ સુઅવસર પ્રાપ્ત થયો છે; માટે બ્રહ્માનંદ પ્રાપ્ત કરીને તેનો આનંદ લૂંટો.

ભબ્બા ભારી કષ્ટકો, દેતા મન પરધન,
માર તમાચા ગાલપે, તુજે કરે હેરાન. ૨૪

પરાયું ધન હરી લેવાને મનમાં બારે

ક્લેશ થાય છે, પરંતુ ગાલમાં તમાચો મારીને (ઇંદ્રિયનિગ્રહથી) મનને વશ રાખવું જોઇએ.

ભમ્મા માયા શ્યામકી, કરતી ખેલ અનેક,
શ્યામ અકર્તા ડ ભોક્તા, કરકે દેખ વિવેક. ૨૫

પ્રભુની માયા અનેક પ્રકારના ખેલ કરે છે, છતાં વિવેકદૃષ્ટિથી જોતાં જણાશે કે પ્રભુ પોતે કર્તા કે ભોક્તા નથી.

ય્યા યામે લેશ ભી, કરો ન શંકાધીર,
મૂલ તૂલ તબહી નસે, રહે ન લેશ હુ પીર. ૨૬

ધીર પુરુષો આમાં (આત્મા જ પરમાત્મા છે તેમાં) જરાપણ શંકા રાખતા નથી. તેથી તેમના સર્વ સંશયો રૂના ઢગલાની માફક નાશ પામે છે, અને તેમને જરાપણ ક્લેશ થતો નથી.

રર્રા રાગ વેરાગ કેા, કીજે ચિત્તસે દૂર,
પિંડ ઔર બ્રહ્માંડમેં, લખેા હરિ નિજ નૂર. ૨૭

ચિત્તમાંથી રાગ, વિરાગાદિને દૂર કરવા જોઈએ. સ્વયંપ્રકાશ આત્મા જ પ્રભુસ્વરૂપે દેહમાં અને બ્રહ્માંડમાં વિલસી રહ્યો છે એમ જ જાણેા.

લલ્લા લાલી જાસકી, કબિ ન હેાવે લુપ્ત,
લુપ્તજ્યેાતિખટજાનિયે,સેા કૂબી રહે ન જુમ. ૨૮

આત્માનું તેજ કેાઈ કાળે પણ લુપ્ત થતું નથી; બીજી જે ષટ્જ્યેાતિ શાસ્ત્રમાં વર્ણવી છે, તે નાશવાન છે.

વવ્વા વા બિન હૈ નહીં, ઘટ મઠ ખાલી ઠામ,
અસ્તિ ભાતિ પ્રિય આતમા, તહાં રૂપ નહી નામ.

આકાશ અથવા વાયુને માપ હેાતું નથી.

ઘડામાં હોય તે ઘટાકાશ, અને મઠમાં હોય છે મઠાકાશ; પણ તે બધું બાલી જ દેખાય છે, છતાં પૂર્ણ છે. અસ્તિ, ભાતિ ને પ્રિય (આનંદ) એ ત્રણ આત્માનાં લક્ષણ છે, અને નિત્ય છે; જ્યારે નામ અને રૂપ માયાનાં લક્ષણ છે, અને તે અનિત્ય છે. મતલબ કે આત્માને નામ, રૂપ સાથે સંબંધ નથી.

શશશા સાગર મધ્ય જો, લહરી કૈન તરંગ,
જ્યોઆતમા મેં જનીયે, જીવ ચરાચર અંગ ૩૦

મહાસાગરમાં ફીણ સાથે લહરીઓ ઉછળે છે, પરંતુ તે બધું સાગરનું જળ છે. એવી રીતે જીવ અને આત્મા(પ્રભુ)એક જ છે અને સર્વત્ર છે.

ધ્યા સાર અસારકો, રતી ન તુજકો ભાન,
તુજકો અપને આપકા, રતી માત્ર નહી જ્ઞાન. ૩૧

મનુષ્યને સાર અસારનું રતી માત્ર ભાન હોતું નથી; પોતે કોણ છે તેનું લેશ માત્ર જ્ઞાન નથી.

સસ્સા સકલ શરીરમેં, અનુગત આતમ એક,
સો તોસે પૃથક નહીં, તૂં શિવ એક અનેક. ૩૨

તમામ શરીરોમાં રહેલો આત્મા એક જ સ્વરૂપ છે. તે પ્રભુ આપણાથી જુદો નથી. શિવ અને જીવ એક જ હોવા છતાં અનેક રૂપે ભાસે છે.

હહહા હાજિર રહે સદા, સાક્ષી નિત્યાનંદ,
રેન દિવસ જહાં પર નહીં, તહાં ન ભાનુચંદ. ૩૩

એવો નિત્યાનંદસ્વરૂપ આત્મા સદાએ સાક્ષીરૂપે (દ્રષ્ટા તરીકે) હાજર રહે છે, એવું આત્માનું ભાન થયા પછી માનવ પ્રભુની સાથે એકતામાં જ રહે છે. તે સ્થાનમાં દિવસ અને

રાત્રિ તથા સૂર્યચંદ્રની ગતિ પણ પહોંચી શકતી નથી.

લલ્લા લાલ અમોલકો, કરે કોઉ વ્યાપાર.
મૃગતૃષ્ણાકે નીર સમ, વહ લખે પદારથ ચાર. ૩૪

આત્મારૂપી અમૂલ્ય રત્ન ખરીદવાથી (આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાથી) ઝાંઝવાના જળ જેવી માયા (અજ્ઞાન) દૂર થાય છે, અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મેળવી શકાય છે.

ક્ષક્ષા છાયા ધુપમેં, અક્ષય નિત્યાનંદ,
જિન દેખે દિખે નહીં, કૌન મુક્ત કો બંધ. ૩૫

અંધકાર તેમજ પ્રકાશમાં સર્વત્ર વિશ્વપતિ નિત્યાનંદ પ્રભુનો વાસ છે, પણ તેને જોવાનો પ્રયત્ન કર્યા વગર તે દેખાતો નથી,

અને સાક્ષાત્કાર થયા પછી બંધ મોક્ષ જેવો કાંઈ ભેદ પણ રહેતો નથી.

ત્રા તાકો ધન્ય હૈ, જો દેખે નિત્યાનંદ,
મહાપુરુષ જાકો કહે, શુભ જાકી ઉડે સુગંધ. ૩૬

જેને નિત્યાનંદસ્વરુપ ઇશ્વરનાં દર્શન થાય છે, તે ખરેખર ધન્ય છે; અને તેજ મહાપુરૂષ કહેવાય છે; અને તેની જ કીર્તિરૂપી સુગંધ સંસારમાં વ્યાપ્ત થાય છે.

જ્ઞા જ્ઞાનીજન સદા, દેખે નિત્યાનંદ,
સજ્જન જન જીનકો કહે, આનંદનકે કંદ. ૩૭

જ્ઞાની મનુષ્યો જ આત્માને–નિત્યાનંદ પ્રભુને–દેખે છે; અને સજ્જનો (ભક્તજનો) તેનું જ સચ્ચિદાનંદ કંદ કહીને સ્મરણ કરે છે.

કક્કા આદિ વર્ણ હૈ, પ્રથમ પઢે સબ કોય,
કક્કા સબ કારજ કરે, કક્કા સબ દુઃખ ખોય. ૩૮

ઉપરના કક્કાદિ વર્ણો પ્રથમ લઈને, જે બોધ આપેલો છે તેને સમજીને, જે કોઈ ભણે તેનાં સર્વ કાર્ય સિદ્ધ થાય, અને સર્વ દુઃખોનો નાશ થાય.

લક્ષણાવૃત્તિસે લખે, પુરણ પરમાનંદ,
વર્ણ અર્થ પંડિત પઢે, સો પંડીત હૈ અંધ. ૩૯

માત્ર વર્ણ ઉપર ધ્યાન ન આપતાં લક્ષણાવૃત્તિથી અભ્યાસ કરનારને પૂર્ણ પરમાનંદની પ્રાપ્તિ થાય છે. પોતાને પંડિત માનનારો, કેવળ અક્ષરો ઉપર જ વિચાર કરે તે, પંડિત નથી પણ અંધ એટલે અજ્ઞાની છે.

હરિ ૐ તત્સત્.

દોહા

પ્રેમભાવ ગુરૂમેં કરે, ધારે ભક્તિ સુજ્ઞાન,
ગુરૂ પ્રસન્ન ઉપદેશ કરે, જબ છૂટે તન અભિમાન.૧

સુજ્ઞજ્ઞનો ગુરૂમાં પ્રીતિ રાખે, અને હૃદયમાં પૂર્ણ ભક્તિ હોય, ત્યારે શ્રીગુરૂદેવ તેમના ઉપર પ્રસન્ન થઈને ઉપદેશ કરે છે, અને ત્યારે જ મનુષ્યનું દેહાભિમાન દૂર થાય છે.

જગકે માંહી યોં રહે જ્યોં પદ્મપત્ર જલ બીચ,
ન્હાયે નિર્મલ જ્ઞાનસે, સબ છૂટી અવિદ્યા કીચ ૨

જેમ જળમાં કમળની પાંખડીઓ હોવા છતાં તેને જળનો સ્પર્શ રહેતો નથી તેમ આ સંસારમાં મનુષ્ય નિર્લેપ રહે, તથા જ્ઞાનરૂપી ગંગામાં સ્નાન કરે, એટલે જ્ઞાન મેળવવાનો નિરંતર પ્રયત્ન કરે, તો તેનો અવિદ્યા

એટલે અજ્ઞાનરૂપ સર્વ મળ (કીચક) ધોવાઈ જાય છે.

સબ વેદાન્તકા સાર યહ, લખે બ્રહ્મ નિજ આપ,
માયા ઈશ્વર જીવ જગ, છાંડી ભરત સંતાપ. ૩

સર્વ વેદાન્ત શાસ્ત્રનો સાર માત્ર એ જ છે. કે પોતે જ બ્રહ્મસ્વરૂપ છે એમ મનુષ્યે સમજવું. માયા, ઈશ્વર, જીવ, જગત ઇત્યાદિ ભેદરૂપી ભ્રમ અને તેથી થતાં દુઃખોને ગણવાંજ નહિ.

સત્ય વસ્તુ હૈ આતમા, મિથ્યા જગત અસાર,
નિત્યાનિત્ય વિવેક યહ, લિજે બાત વિચાર. ૪

આત્મા જ સત્ય વસ્તુ છે અને આ સાર વિનાનો સંસાર મિથ્યા છે. શું નિત્ય છે (એટલે કાયમ રહેનારૂં છે) અને શું અનિત્ય

છે એ વાત વિવેકથી (સૂક્ષ્મબુદ્ધિથી) વિચારવી જોઈએ.

લોગ લોક પરલોકકે, તિનકા ત્યાગો રાગ,
તિનકી રહે ન કામના કહુત તાહિ વૈરાગ. ૫

આ લોકનાં તેમજ સ્વર્ગાદિ પરલોકનાં સુખોમાં પ્રીતિ ન હોય, અને તેવાં સુખોની ઇચ્છા પણ ન રહે, તેને જ પૂર્ણ વૈરાગ્ય કહેવામાં આવે છે.

પ્રેમ પ્રીતિ હરિસે બડી, ઔર ન કછુ સુહાય,
ભક્તિ ભાગ્યા જગતસે, મન દર્શનમેં જાય. ૬

પ્રેમલક્ષણા ભક્તિ પ્રભુને ઓળખવાનું સર્વોત્તમ સાધન છે, કારણ કે બીજું એવું સાધન એક પણ નથી. ભક્તિરસમાં ઓતપ્રોત થયેલા મનુષ્યનું મન જગતની જંજાળથી દુર રહે છે, અને પ્રભુમાં લીન રહે છે.

જહાં પ્રેમ ત્યાં નેમ નહિ, તહાં ન વિધિ વ્યવહાર;
પ્રેમમગન જબ મન ભયે, કૌન ગિને તિથિ વાર. ૭

પ્રેમને મર્યાદા હોતી નથી. ત્યાં વિધિનિષેધ કે વ્યાવહારિક બંધનો હોતાં નથી. મન જ્યારે પ્રભુમય પ્રેમમાં મગ્ન થઇ જાય છે, ત્યાર તિથિવારની ગણત્રી એટલે અનુકુળ કે પ્રતિકૂળ વખત જોવાનું રહેતું નથી.

લહ્લા લાલ અમોલકો, કર કોઉ વ્યાપાર,
મૃગતૃષ્ણા કે નીર સમ, વહ લખે પદારથ ચાર. ૮

પ્રભુભક્તિરૂપી અમૂલ્ય રત્નનો વેપાર કર તેને ઝાંઝવાનાં જળ જેવી સંસારની વાસનાઓ રહેતી નથી. તેને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પદાર્થ સહેજમાં મળે છે.

સચ્ચા લેના સચ્ચા દેના, સચ્ચા રૂપ પિછાન,
કેશવાનંદ આનંદઘન વ્યાપક, લખ લે
એક સમાન. ૯

લેવડદેવડમાં સત્યતાથી સત્યનું સ્વરૂપ ઓળખાય છે, એટલે સત્ય શું વસ્તુ છે એ સમજાય છે. કેશવ ભગવાન સ્વયં આનંદમય પરમાત્મસ્વરૂપ પોતે એક જ છે.

તાર નહિં તનમેં રતિ, મનમેં નહિં સંસાર,
ચાહે વિરક્ત ચાહે ગૃહસ્થ હો, શીઘ્ર હોય
ભવપાર. ૧૦

જડ શરીર ઉપર જેને જરા પણ મોહ નથી, અને સંસારની વાસનાઓ જેને અડકતી નથી, તે મનુષ્ય વિરાગી હોય કે ગૃહસ્થ હોય તો પણ ભવસાગર તરી જાય છે.

ગુરુકી નિત્ય પૂજા કરે, ધરે પ્રેમસે ધ્યાન,
ઉનકી કૃપાકટાક્ષસે, હોય રામકા જ્ઞાન. ૧૧

શ્રીસદ્‌ગુરુદેવની હંમેશાં પૂજા કરે, અને પ્રેમથી તેમનું ધ્યાન ધરે, તો તેમની કૃપાથી રામનું એટલે આત્મદેવનું જ્ઞાન થાય છે.

ઈશ કૃપા ઉન પર કરે, જો શરણાગત હોય,
જન્મ મરણ ફાંસી હરે, દે દ્વૈત મૂલસે ખોય. ૧૨

જે જીવ પ્રભુનું શરણ લે છે તેના ઉપર પ્રભુ કૃપા કરે છે. તેનું જન્મમરણનું બંધન ટાળે છે, અને તેનો દ્વૈતભાવ એટલે જીવઈશ્વરનો ભેદ નિર્મૂળ થાય તે.

ગુરૂ કુલાલ શિષ કુંભ હૈ, ચુન ચુન કાઢત ખોટ,
અંદર હાથ સહાય દે, બાહિર મારત ચોટ. ૧૩

જેવી રીતે કુંભાર વાસણ ઘડતી વખતે તેને બરાબર ઘાટીલું બનાવવાને બહારથી ટીપે છે, પરંતુ, તે ફુટી ન જાય તે

માટે,અંદર હાથ રાખે છે; તેવી રીતે શિષ્યને સન્માર્ગે દોરવાને ગુરુ કદાચ બહારથી તાડના કરે, પરંતુ અંદરથી તેને સંપૂર્ણ રીતે સહાય આપીને પૂર્ણ શિવસ્વરૂપ બનાવે છે.

પાનીમેં લકડી જલે, મહાપ્રચંડ મતિજ્ઞાન,
ગુપ્તસેન ગુરૂ ગુપ્તકી, જાન સકે તો જાન. ૧૪

વડવાનળની પેઠે આ મનુષ્યજન્મ નકામો ચિંતાચિતામાં બળી રહ્યો છે. માટે હેમતિમાન ! જો તારે શાન્ત થવું હોય, અર્થાત્ આત્મ-સાક્ષાત્કાર કરવો હોય, તો ગુપ્ત ગુરૂની ગુપ્તસેના (ઉપદેશ) ને જાણી લે.

કક્કા કેવળ આતમા, શિવ કલ્યાણસ્વરૂપ,
નામ રૂપકી ગમ નહીં, ઐસા રૂપ અનૂપ. ૧૫

આત્મા કેવળ એટલે ઉપાધિરહિત,કલ્યાણ-

મય, શિવસ્વરૂપ છે; તેને નામ અને રૂપની ઉપાધિ વળગતી નથી. એવું તેજોમય, અનુપમ એનું સ્વરૂપ છે.

નન્ના નાના મત કરે, જાય સમય અણમોલ.
નરનારાયણ રૂપ તૂ, દેખ દૃષ્ટિ કો ખોલ. ૧૬

અનેક પ્રકારના તર્કવિતર્કમાં મનુષ્ય પોતાનો અમૂલ્ય સમય ગમાવે છે. દૃષ્ટિને નિર્મળ કરીને જુએ તો પોતે જ નારાયણ સ્વરૂપ છે

જ્ઞા જ્ઞાનીજન સદા, દેખે નિત્યાનંદ,
સજ્જન જન જનકો કહૈ, આનંદનકે કંદ. ૧૭

જ્ઞાનીજનો આત્મસ્વરૂપ નિત્યાનંદ પ્રભુને હંમેશાં જોઈ શકે છે, તેવા મહાપુરુષોજ સજ્જન કહેવાય છે, કે કારણ કે તેમનાથી જ

આત્મસ્વરૂપ આનંદઘન પ્રભુની પ્રાપ્તિ થઈ શકે છે.

કેશવ કેવલ આતમા, નિત્યાનંદ સ્વરૂપ,
વકભાવ જમે નહીં, ચેતન સ્વયં અનુપ. ૧૮

આત્મા કેવળસ્વરુપ છેઃ સ્વયં કેશવ એટલે નિત્યાનંદસ્વરુપ છે. આત્માને બીજી ઉપાધિઓની સાથે સંબંધ નહિ હોવાથી તેમાં વકભાવ એટલે બોદ્યબુદ્ધિ હોતી જ નથી, કારણ કે પોતે સાક્ષાત ચેતનસ્વરૂપ છે.

જ્ઞાન પદારથ દેખિ કે, ભૂલત હૈ સબ ઠોર
વક્તઃ ઉભય પ્રકાર કે, એક બરો એક ચોર. ૧૯

કોઈ વસ્તુને જોઈને કૂતરું ભસ્યા કરે છે, તેથી રીતે વક્તા અથવા ઉપદેશકો પણ બે પ્રકારના હોય છે. તેમાં સત્યમાર્ગનો ઉપદેશ

કરીને, પોતે તેવું આચરણ રાખી, બીજાઓને ખરો માર્ગ બતાવે છે તેવા પ્રકારના ઉપદેશકો સાચા વક્તા છે. બીજા પ્રકારના ઉપદેશકો મોટી મોટી શાસ્ત્રની વાતોથી મુગ્ધ કરવાનો પ્રયત્ન કરે છે, પરંતુ તેમનામાં તેવા પ્રકારનું આચરણ હોતું નથી, જેથી તેમને શ્વાનની સાથે સરખાવવામાં આવે છે.

ભક્ત દેખ ભગવાન સે, શ્રીગુરૂ કહે ન દૂર,
તદ્યપિ ભિન્ન અભિન્ન હે, નિજ નારાયણ નૂર ૨૦

શ્રીસદ્‌ગુરુ સમજાવે છે કે ભક્તથી ભગવાન દુર નથી; આત્મા અને પરમાત્મામાં ભેદ નથી, છતાં આત્મા અને પરમાત્મામાં ભેદ જણાવવાનું કારણ એટલું છે કે જ્યાં સુધી ભક્તનો આત્મા પરમાત્મા જેટલો શુદ્ધ

જ્યોતિર્મય પ્રકાશતો નથી, ત્યાં સુધી ભક્ત ભગવાનથી જુદો જણાય છે.

સેવાસે મેવા મિલે, કરકે દેખો સેવ,
બિન સેવા મેવા નહીં, કહતે શ્રીગુરુદેવ. ૨૧

પ્રભુ (ગુરુ) સેવાથી સર્વ કામનાઓ સિદ્ધ થાય છે, અને સેવા કરનારને તેનો પ્રત્યક્ષ અનુભવ પણ થાય છે, શ્રીગુરુદેવ કહે છે કે સેવા વગર કોઇ કાર્ય સધાતું નથી.

મંગલ મંદિર હૈ ખુલા, દેખ ખોલ નૈન,
જગદ્‌ગુરુ જિજ્ઞાસુકો, હૈ દર્શન દિનરૈન. ૨૨

આંખ ઉઘાડીને એટલે જ્ઞાનદૃષ્ટિથી જોશો તો જણાશે કે આત્મસ્વરૂપ પ્રભુના મંગલમય મંદિરનાં દ્વાર સદાયે ઉઘાડાં જ રહે છે. આત્મા-

ને ઓળખવાની ઇચ્છાવાળાને આત્મસ્વરૂપ
શ્રીજગદ્‌ગુરુદેવ રાત્રિદિવસ દર્શન આપે છે.

મહાવીર ઉશકો કહેં, દે અસત્ય સંગ છોડ,
ઉલટ વૃત્તિ જડ દેહસે, નિજ આતમમેં જોડ. ૨૩

જે અસત્ય વસ્તુઓનો સંગ છોડી દે છે
તેજ મોટો વીરપુરુષ ગણાય છે. શરીરને જડ
માનીને તેનો મોહ છોડી દઈને પોતાની વૃત્તિને
તે પોતાના આત્મામાં જોડે છે.

નગરમેં બાગમેં બનમેં, યે કુલ આલમ
નિહારી હૈ,
જીધર દેખું ઉધર પ્યારે, સભી જલવા
તુમ્હારા હૈ. ૨૪

હે પ્રભો ! નગર, વન, બાગબગીચા–બધો

સંસાર મેં જોયો છે. હું જ્યાં જોઉં છું ત્યાં તમારી પ્રતિભા જ દૃષ્ટિગોચર થઈ રહી છે.

ઈશભજન સબસે બડા, તાસે બડા ન કોય,
ભજન કરે જો પ્રેમસે, મનોકામ સિદ્ધ હોય. ૨૫

સૌથી શ્રેષ્ઠ ઉપાય પરમાત્માનું ભજન છે. એથી મોટો બીજો કોઈ ઉપાય પ્રભુપ્રાપ્તિ માટે નથી. જે મનુષ્ય પ્રેમથી પ્રભુનું ભજન કરે છે, તેની બધી કામનાઓ સફળ થાય છે.

આપૈ રાજા આપૈ પરજા, આપ કરે સબ કાજ,
આપહી બન્યો દિવાન મુસદ્દી, આપહી
રહા બિરાજ, ૨૬

પોતે જ આત્મા રાજાપ્રજા છે, અને બધાં કર્મ પણ પોતે જ કરે છે. દિવાન કે મુસદ્દી પણ પોતે જ છે, સર્વત્ર પોતે જ વિરાજે છે.

ગુરૂમંત્ર તજના નહીં, ભજના બારંબાર,
મહાપાતકીકા કરે, શ્રીગુરૂ શીઘ્ર ઉદ્ધાર, ૨૭

શ્રીસદ્‌ગુરુદેવનો આપેલો મંત્ર વારંવાર ભજવો, અને કદી પણ તેનો ત્યાગ કરવો નહિ. અતિ પાપી મનુષ્યનો પણ શ્રીસદ્‌ગુરુ તરત જ ઉદ્ધાર કરે છે.

શ્રદ્ધા કરી ગુરૂદેવમેં, મનકો કરે સમાધાન,
કર્મ કર્મકે સાધન ત્યાગો, સહો માન
અપમાન. ૨૮

શ્રીગુરુમાં અને વેદમાં શ્રદ્ધા રાખીને મનનું સમાધાન કરવું, બંધનમાં નાખે એવાં જુદી જુદી જાતનાં કર્મનાં સાધનો સાધવાં નહિ, તેમજ માન-અપમાન પણ સહન કરી લેવું.

બ્રહ્મવેત્તા વક્તા શ્રુતિ, ગુરુકા લક્ષણ જાન,
ઇચ્છા જાને મોક્ષકી, સોઈ શિષ્ય પહિચાન. ૨૯

શ્રીસદ્‌ગુરુનું લક્ષણ એ છે કે તેમની વાણીમાં શ્રુતિઓનું રહસ્ય સમાએલું હોય છે, અને પોતે સ્વયં બ્રહ્મવેત્તા હોય છે; અને જેને મોક્ષની ઇચ્છા હોય છે તે જ ખરો શિષ્ય ગણાય છે.

નિદિધ્યાસકે અંતમેં, ઐસા હોવે ભાન,
બ્રહ્મઆતમા એક હૈ, લખી યહી બ્રહ્મકા જ્ઞાન.૩૦

શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ ત્રણ પ્રકારનાં ઈશ્વરપ્રાપ્તિનાં સાધનોમાં છેલ્લું નિદિધ્યાસન છે. શ્રીગુરુએ આપેલો ઉપદેશ સાંભળ્યા પછી વારંવાર તેનો વિચાર કરવો તે મનન છે; અને તે વિચાર સ્થિર થાય તે માટે એકાગ્ર ચિત્તથી પ્રભુનું ધ્યાન ધરવું તે

નિદિધ્યાસન છે. છેલ્લું સાધન બરાબર થાય કે તરત જ આત્મા અને બ્રહ્મ (ઈશ્વર) ની એકતાનું ભાન થાય છે. તેનું નામજ બ્રહ્મજ્ઞાન જાણવું.

પરમાનંદકી પ્રાપ્તિ, સબ અનર્થકા નાશ,
યહ ઈચ્છા મનમેં રહે, કહે મુમુક્ષુ તાસ. ૩૧

તમામ દોષોનો નાશ થાય અને પરમ આનંદ મળે એવી જ જેની કાયમ ઈચ્છા રહે તેને મુમુક્ષુ કહેવાય છે.

તત્વમસિકે અર્થકા, કરે તોહિં પરકાશ,
સંશય શોક નસેં સબ તેરે, હોયઅવિદ્યાનાશ. ૩૨

ગુરુ શિષ્યને કહે છે કે તત્વમસિ (તે તું છે–તું જ ઈશ્વર છે) નો બોધ થવાથી તારામાં સ્વયંપ્રકાશ ઉત્પન્ન થશે. તારા તમામ જાતના સંશયો અને દુઃખો નાશ પામશે, અને તારું અજ્ઞાન ટળશે.

વાર પાર હમરા નહીં, નહી દેશકાલ તેં અંત,
મેં અખંડિત એક હું, સબ વસ્તુકા તંત. ૩૩

આત્મદેવ–શ્રીગુરુદેવ કહે છે કે અમારો પાર કોઈ પામી શકતું નથી. દેશકાળ અમને અટકાવી શકતા નથી, એટલે અંત લાવી શકતા નથી. હું પોતે અખંડિત એકજ છું, અને તમામ વસ્તુઓમાં વ્યાપી રહ્યો છું.

માનુષ તનકો પાય કર, કીયા નહિ શુભ કામ,
તિસસે અચ્છા જનીએ, ઢોર પશુકા ચામ. ૩૪

મનુષ્યશરીર મેળવીને કાંઈપણ સારૂં કામ ન કર્યું, તો તે પશુ કરતાં પણ ભુંડો છે, કારણ કે ઢોરનું તો ચામડું પણ કામમાં આવે છે, પણ મનુષ્યના મરણ પછી તેનાં શુભ કર્મ સિવાય કાંઈ પણ ઉપયોગમાં આવતું નથી.

હરિ ૐ તત્સત્

સ્વયં જ્યોતિ સ્વરૂપ માતાજી

જન્મ :

જેઠ વદી ૦))

રવીવાર

તા. ૨૮-૬-૧૯૦૮

નિર્વાણ :

ફાગણ વદી ૧

મંગળવાર

તા. ૨૩-૩-૧૯૭૦

સ્વ. માતુશ્રી મણીબેનના સ્મરણાર્થે હા.
શ્રી નરસીંહભાઈ કુલચંદભાઈ શાહ
રહેવાસી સારંગપુરનાએ આ પુસ્તીકા
છપાવી ભેટ આપી છે.

પ્રાપ્તિસ્થાન
શ્રી કાનજી મહારાજ
સંતશ્રી પ્રણતાશ્રમ આશ્રમ
કંસારા, નમારીયા કાઠિયાવાડ પાસે
ઓફિસ રોડ, કલોલ (ઉ.ગુ.)

મુદ્રણ સ્થાન : નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ,
ઘીકાંટા, અમદાવાદ.